# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 30-09-2025 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## કેન્દ્રીય સંરક્ષણ મંત્રી:

કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ આવતીકાલથી બે દિવસની કચ્છની મુલાકાતે આવશે. આ દરમિયાન સંરક્ષણમંત્રી ભુજમાં મિલિટરી સ્ટેશન ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ અને સરહદે લક્કીનાળાં ખાતે સુરક્ષા દળોની સંયુક્ત કવાયત, શસ્ત્રપૂજા અને નવીન સુવિધાનાં લોકાર્પણમાં ઉપસ્થિત રહેશે. શ્રી સિંહ સંરક્ષણમંત્રી તરીકે બીજીવાર અને અગાઉ ગૃહમંત્રી તરીકે બેવાર એમ ચોથીવાર કચ્છ આવી રહ્યા છે. તાજેતરમાં ઓપરેશન સિંદૂર બાદ જવાનોના જુસ્સાને બુલંદ કરવા સંરક્ષણમંત્રી મે માસમાં કચ્છ આવ્યા હતા. એ બાદ ચાર માસના ટૂંકા ગાળામાં ફરી તેઓ સરહદી જિલ્લાની મુલાકાતે આવી રહ્યા છે.

સત્તાવાર રીતે જાહેર થયેલા કાર્યક્રમ અનુસાર રાજનાથાસિંહ આવતીકાલે સાંજે સાડા સાત વાગ્યે ભુજ મિલિટરી સ્ટેશન ખાતે સાંસ્કૃતિ કાર્યક્રમમાં હાજરી આપવા સાથે જવાનો સાથે સંવાદ કરશે. બીજી ઓક્ટોબર દશેરાના દિવસે તેઓ લક્કીનાળાં મિલિટરી સ્ટેશન ખાતે મલ્ટિ એજન્સી સુરક્ષા કવાયત નિહાળવા સાથે શસ્ત્રપૂજા કરશે. શ્રી સિંહના હસ્તે લક્કીનાળાં ખાતે વિવિધ નવિન સુવિધાનું લોકાર્પણ કરાશે. સંરક્ષણ મંત્રીની મુલાકાતને લઈ તંત્ર દ્વારા તૈયારીઓનો ધમધમાટ ચાલી રહ્યો છે.

---------------------------------------------------------------------------------

## માતાના મઢ-પતરી વિધિ :

પ્રસિદ્ધ યાત્રાધામ માતાનામઢ મંદિર ખાતે પરંપરાગત પતરી વિધિ યોજાઈ હતી. રાજપરિવારના યુવરાજ પ્રતાપસિંહ હનુમંતસિંહ જાડેજાએ પતરી ઝીલી હતી.

વિધિ પૂર્વે રાજપરિવારના સભ્યોએ ચાચરા કુંડથી ચામર યાત્રા યોજી મંદિરે પહોંચ્યા હતા. આ ધાર્મિક પ્રસંગના સાક્ષી બનવા માટે રાજ્યભરમાંથી અને વિદેશથી પણ મોટી સંખ્યામાં ભક્તો સવારથી જ માતાનામઢ ખાતે ઉમટી પડ્યા હતા.

દરમ્યાન, આજે હવાનાષ્ટમી પર્વ સાથે નવરાત્રિ પર્વ સમાપન તરફ જઈ રહ્યું છે. આજે વિવિધ મંદિરોમાં હોમ હવનના કાર્યક્રમો યોજાયા હતા.

# પશ્ચિમ રેલ્વે:

પશ્ચિમ રેલ્વેની વિભાગીય સલાહકાર સમિતિની બેઠકમાં કચ્છને જોડતી વિવિધ ટ્રેન સેવાઓ અને સ્ટેશનોની માળખાગત સુવિધા વધારવા માટે રજુઆત કરાઇ હતી.

ગાંધીધામ ચેમ્બરના પ્રમુખ મહેશ પુજે પાઠવેલા આવેદનપત્રમાં ગાંધીનગર અને અમદાવાદને જોડતી ભુજ-ગાંધીનગર ટ્રેન સેવા, ભુજ સરાઇ રોહિલ્લા અને ભુજ-બાંદ્રા ટ્રેનોને દૈનિક ધોરણે દોડાવવા તથા ગાંધીધામ-કામાખ્યા ટ્રેન સેવાને અઠવાડિયામાં ૩ વાર વધારવા ભારપૂર્વક રજુઆત કરવામાં આવી હતી.

આ ઉપરાંત, ભુજથી મુંબઇ સુધી વંદે ભારત સ્લીપર ટ્રેન સેવા ચાલુ કરવા તથા તેજસ સુપરફાસ્ટ ટ્રેન ફરીથી ચાલુ કરવા પણ માંગણી કરાઈ છે. અમદાવાદ - અઝીમાબાદ એક્સપ્રેસ ટ્રેનને ગાંધીધામ સુધી લંબાવવા પણ રજુઆત કરાઈ છે.

---

# મગફળીનું વાવેતર:

નખત્રાણા તાલુકા સહિત જીલ્લાના વિવિધ વિસ્તારોમાં આ વર્ષે મગફળીના વાવેતરમાં રેકોર્ડબ્રેક વધારો જોવા મળ્યો છે. સરખા અને સમયસર પડેલા વરસાદ, પિયતની અનુકૂળતા અને વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિઓને કારણે ખેડૂતોમાં ખુશીની લહેર છવાઈ છે. હવે ખેતરોમાં મગફળી કાઢવાની તૈયારી ચાલી રહી છે.

નખત્રાણા તાલુકામાં સારી જમીન અને પાણી ધરાવતા ખેડૂતોએ કપાસ, તલ જેવા પાક કરતાં મગફળીનું જ વાવેતર વધુ પસંદ કર્યું છે. કૃષિ વિભાગના પ્રાથમિક આંકડા મુજબ તાલુકામાં લગભગ 40 હજાર ક્વિન્ટલ મગફળીનું વાવેતર થયું છે. જે છેલ્લા પાંચ વર્ષમાં સૌથી વધુ છે.

---

# વધારાની બસ:

ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ – GSRTC આ દિવાળી નિમિત્તે વધારાના બે હજાર 600 ફેરાનું સંચાલન કરાશે. તેનાથી રાજ્યના પાંચ લાખથી વધુ મુસાફરોને લાભ થશે. સત્તાવાર યાદી મુજબ, લોકો પોતાના વતનમાં દિવાળીની ઉજવણી કરી શકે તે હેતુથી વધારાની બસ આગામી 16થી 19 ઑક્ટોબર સુધી દોડાવાશે.

---

## રોજગાર મેળો :

આદિપુર તોલાણી સરકારી કોમર્સ કોલેજ ખાતે આવતીકાલે સવારે ૧૦ વાગ્યે  રોજગાર મેળાનું જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ભુજ દ્વારા આયોજન કરાયું છે.

---------------------------------------------------------------------------------------------

## વરસાદ:

રાજ્યમાં ફરી એક વાર વરસાદનું જોર વધ્યું છે. આજે 29 તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાયો છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી બે દિવસ સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભારે વરસાદ પડી શકે છે. દરમિયાન માછીમારોને 3 ઑક્ટોબર સુધી દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------------

## નેત્ર નિદાન કેમ્પ:

રાજકોટ સ્થિત રણછોડદાસજી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રાપરના દરીયાસ્થાન મંદિર ખાતે 82મા નેત્ર નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં 100 જેટલા દર્દીઓની તપાસ કરવામાં આવી હતી, જેમાંથી 40 દર્દીઓને મોતીયા અને વેલના ઓપરેશન માટે રાજકોટ રીફર કરવામાં આવ્યા છે.

---------------------------------------------------------------------------------------------